

## સલામી સવારની..

**સુપ્રભાતમ્**

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

*રમે રસોડે ઉંદર ને વસ્તીની છોળો છે!*
*કપટીનો શાંતિ માટે પ્રતિસાદ મોળો છે!*
*ઓળો છે અંધકારમય યુદ્ધ ભણકારે -*
*સરહદી સંપત્તિ પર, ચીનનો ડોળો છે!*

**હાઈકુ**

*એને માટે તો -*
*યુદ્ધ એ જ કલ્યાણ -*
*વસતિ - ચિંતા!!*
*(ભૂખમરો - વસતિ*
*એક પંથ દો કાજ)*

*ગંભીર ચાલ!*
*આ 'છમકલાં' નથી -*
*છે છાનું યુદ્ધ...*
*(યોજનાબદ્ધ શરૂઆત)*

### ચિંતન

*યથા હિ પથિકઃ કશ્ચિત્ છાયામાશ્રિત્ય તિષ્ઠતિ ।*
*વિશ્રમ્ય ચ પુનર્ગચ્છેત્ તદ્વદ્ ભૂત સમાગમઃ ॥*

ઉપરોક્ત શ્લોક મહાભારતમાંથી લેવામાં આવેલ છે.

જેમાં કોઈ મુસાફર છાંયડે બેસી વિશ્રામ કરે છે અને વિશ્રામ કરી ચાલ્યો જાય છે, પાછો આવતો નથી, તેમજ પ્રાણીઓના સથવારાનું સમજવું, અર્થાત્ પ્રાણીઓ પણ મૃત્યુથી વિખૂંટા પડી ફરી મળતા નથી.

જીવન એક ધર્મશાળા છે એમાં ટૂંકા અને નિશ્ચિત કરેલા સમય માટે મુસાફર આવે છે તે સમયે સંજોગ વસાત્ મળેલા અન્ય પ્રવાસી સાથે મૈત્રી-પ્રેમ થાય અને સમય આવે વિખૂટા પડી જાય - ટ્રેનની સફરના પ્રવાસીઓનું પણ એવું જ છે.

જિંદગીની યાત્રા-ઘર-કુટુંબ-પરિવાર પણ એક ધર્મશાળા જ છે ફરી કોને-કયારેય મળશે એ ખબર નથી.

### સુવિચાર

- સમજણનો સોય-દોરો જો આરપાર થાશે... ફાટેલી જિંદગીની તો જ સારવાર થાશે... - **એસ ભટ્ટાચાર્ય**
- જીન્હેં બુરા લગતા હૈ ઉનકી કોઈ અહેમિયત નહીં,
  ઔર જીન કી અહમિયત હૈ વો કભી ભુરા નહીં માનતે - **શાહીદ બલોચ**
- અસફળતાની મોસમ સફળતાના બીજ વાવવા માટેનો શ્રેષ્ઠ સમય હોય છે - **રોહિત શાહ**
- ભારતે જો વિશ્વગુરુ, બનવું હોય તો 'ગીતા'ને કોર્ટમાં નહીં, કોર્સમાં શરૂ કરવી જોઈએ - **ગુણવંત શાહ**
- જો તમે ભય ને જીતવા માગતા હોવ, તો ઘરે બેસી તેના પર વિચાર ન કરો,
  બહાર જાવ, કોઈ કામમાં વ્યસ્ત થાવ - **ડેલ કાર્નેગી**
- સતત જાગૃત રહો, સાવચેત રહો, કારણ કે તમારા શબ્દો મીઠા હોઈ શકે છે,
  પણ બીજા લોકો તેને ઝેરમાં ફેરવી શકે છે - **ડોન મિગલ**
- આજનું ઔષધ : અરડૂસીના પાનની પેસ્ટ બનાવી તેમાં સિંધાલુણ ઉમેરી આ પોટીસ ભગંદર પર બાંધવાથી રાહત તાય છે. **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

ડૉ. ઝાકીર હુસૈન જામિયા મિલિયા યુનિવર્સિટીના ઉપકુલપતિ હતા. એમને મળવા એક દૂરના સગા એમના પુત્રને લઈને આવ્યા અને કહ્યું, 'ડૉ. સાહેબ, આ મારો પુત્ર બે વર્ષથી બીએનું પ્રથમ વર્ષ પાસ કરી શકતો નથી. આપ આપના વિશેષ અધિકારનો ઉપયોગ કરી તેને પ્રથમ વર્ષમાં પાસ કરી બીજા વર્ષમાં બેસાડી દો. તમાર માટે આ મામૂલી કામ છે. કંઈક મદદ કરજો.' સજ્જનની વાત સાંભળી. ઝાકીર સાહેબે કહ્યું, 'તમે જઈને સીધું ત્રીજા વર્ષનું લઈ આવો. જયારે ખોટું જ કામ કરવું છે તો થોડું વધારે ખોટું કરી લઈએ. એ સીધો જ બીએના ફાઈનલ વર્ષમાં જ બેસી જશે. બે વર્ષ બગડી ચૂક્યા છે તો વધુ સમય શું કામ બરબાદ કરવો ? આવતા વર્ષે આપનો પુત્ર બીએ પાસ કરી લે તેવું બને.' સજ્જન બોલ્યા, 'આ શું કરી રહ્યા છો ડૉકટર સાહેબ?' બીએ પાસ કરવું મજાક નથી. કે પાસ કરી દેવાય ? ડૉ. ઝાકીરે કહ્યું, 'જો તમે આટલું સમજો છો તો બાળકને ખોટા રસ્તે લઈ જતા પહેલા એને એમ કેમ નથી સમજાવતા કે બેટા. એકાગ્રતા અને લગનથી ભણે જ. તમે પોતે જ ખોટું શિક્ષણ આપશો તો બાળક યોગ્ય શિક્ષણ કઈ રીતે મેળવશે ? હું ઉપકુલપતિ થઈને આવું ખોટું કાર્ય કરીશ તો આ યુનિવર્સિટી કઈ રીતે ચાલશે? નૈતિક આચરણ વગર યુનિવર્સિટી કઈ રીતે આગળ વધશે?' ઝાકીર સાહેબની વાત સાંભળી સજ્જનનું મોઢું શરમથી ઝૂકી ગયું. તેમણે તેમના પુત્રને સાચા રસ્તા પર ચલાવવા માટે નક્કી કર્યું.

# રાજનીતિમાં 'ભય'નું તત્ત્વ અગત્યનું

**તંત્રીસ્થાનેથી...**

રામચરિત માનસની ઉક્તિ 'બિનુ ભય હોત ન પ્રીતિ' કે કનૈયાલાલ મુનશીની કાલજયી નવલકથા 'ગુજરાતનો નાથ' માં કીર્તિદેવ અને મુંજાલ વચ્ચે થતી તડાફડીમાં આવતું વિધાન - 'ભય વિના પ્રીતિ શક્ય નથી' - તે વર્તમાન રાજનીતિનું જાણે ધ્રુવસૂત્ર ન બની ગયું હોય, એમ અત્ર-તત્ર-સર્વત્ર, ગ્રામકક્ષાથી લઈ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સંબંધોમાં પણ એક સરખી રીતે લાગુ પડે એવા બનાવો બની રહ્યા છે. ચીનની દાદાગીરી સામે નહેરુ યુગથી જ ભારત વાણિયામૂઝ નીચી રાખવની કૂટનીતિ અપનાવતું રહ્યું છે. ઈતિહાસમાં પહેલીવાર ભારતીય સેનાએ છેક લાઈન ઓફ એક્ચ્યુઅલ કંટ્રોલ પાર કરી ચીની સૈનિકો સામે ગોળીબારની રમઝટ બોલાવી છે, જેથી એમને પીછેહઠ કરવાની ફરજ પડી છે. ચીન એની જીદ છોડતું નથી અને લદાખના ગાલવાન ઘાટી કે ફિંગર અથવા પેંગોંગ સરોવર વિસ્તારો પર પોતાનો દબદબો જારી રાખવા આકાશપાતાળ એક કરી રહ્યું છે. ભારતીય સેનાએ વ્યૂહાત્મક અગત્યતા ધરાવતાં શિખરો પર કબજો જમાવી ચીની સેનાથી લઈ એના સર્વોચ્ચ નેતા શી જિન પિંગની ઊંઘ હરામ કરી દીધી છે. બહુ જ ચોખ્ખી ભાષામાં ભારતના સંરક્ષણપ્રધાન રાજનાથ સિંહે ચીની સંરક્ષણમંત્રીને રશિયા ખાતે યોજાયેલ બેઠકમાં કહેવા જેવું કહી દીધું છે પથી ચીન રઘવાયું બની ગયું છે. હવે વિદેશમંત્રી જયશંકર એમના ચીની સમકક્ષને રશિયામાં મળશે ત્યારે પણ આવી જ ચોખ્ખી ને ચટ્ટ વાત કરશે કારણ કે એ વર્તમાન સરકારની વિદેશનીતિ બલકે 'ચાઈન સ્ટ્રેટેજી' નો જ એક ભાગ હશે. વર્તમાન સરકારે ચીનની આડોડાઈ સામે નમતું નહીં જોખવાનું સાહસિક અને નીડરતાભર્યું વલણ અપનાવી ભારતીય સેનાનું મનોબળ વધાર્યું છે. તિબેટના નિર્વાસિત ભારતીય સૈનિકનું સરહદી અથડામણમાં મૃત્યુ થતાં એને જે ભવ્ય સન્માન અપાયું અને એની સ્મશાનયાત્રામાં ભાજપી સાંસદો પણ ઉપસ્થિત રહ્યા તે સૂચક છે. ભારતીય સેના ચીની સેનાની સરખામણીએ નબળી હોવાનો ભ્રમ રાતોરાત દૂર થઈ જવા પામ્યો છે. ભારત પાસે પણ અદ્યતન શસ્ત્રો અને લશ્કરી સરંજાય છે. વળી હાલની સ્થિતિમાં એકાએક યુદ્ધ ફાટી નીકળે તો ભારતની સેના ચીનને એની સરજમીનમાં ઘૂસીને નામોશીભરી સ્થિતિમાં મૂકી શકે એમ છે. જે લશ્કરી મહત્ત્વનાં શિખરો પર ભારતીય સેનાએ ત્રિરંગો ફરકાવ્યો છે ત્યાંથી ચીનીની સરહદ નીચાણવાળા ભાગમાં હોઈ ચીની સેનાની ગતિવિધિઓ પર ભારતીય સેના બાજનજર રાકી શકે એમ છે અને આદેશ મળતાંની સાથે 'હર હર મહાદેવ' કહી ચીની સેના પર ત્રાટકી શકે એમ છે. ચીનની બડાશ સકારણ હતી - એનું લશ્કર સંખ્યાની રૂએ અને શસ્ત્રસરંજામની રૂએ ભારતીય સેના કરતાં કયાંય ચડિયાતું છે તે જગજાહેર હોવા છતાં ચીનને અત્યારે ભારત પર લશ્કરી હુમલો કરવાનું સાહસ ભારે પડી શકે એમ છે. ભારત હવે અમેરિકા - યુરોપ સંગના મિત્રદેસ તરીકે ૧૯૬૨ની નહેરુકાલીન લશ્કરી સ્થિતિ કરતાં ઘણી વધારે મજબૂત અને સક્ષમ કક્ષાએ પહોંચ્યું છે. ચીનને એલેએસી નજીક તહેનાત ભારતીય સૈનિકો પર ઘાતકી હુમલો કરવાનું દુષ્કૃત્ય ભારે પડી ગયું છે. શી જિન પિંગને ચીની સૈનિકોની પીછેહઠ આકરી લાગી છે. જો આંતરરાષ્ટ્રીય પરિબળો પ્રતિકૂળ ન હોત તો ચીને અત્યાર સુધીમાં કયારનુંય યુદ્ધનું રણશિંગુ ફૂંકી દીધું હોત.

# જાણે મનની અંદર પારિજાતનાં ફૂલ કયાંક ઝરી રહ્યા છે તેની ચિરપરિચિત સુગંધ સાથે



**નવાં કલેવર**

નટવર હેડાઉ

ગાંધીનગર જેવા ખુલ્લા અને મોકળાશવાળા શહેરના એક ઘરની બારી જયાં ખૂલે છે ત્યાં દૂર દૂર સુધી લાંબી સઘન વૃક્ષોની કતાર જોવા મળે છે. આ અસંખ્ય વૃક્ષોમાં સંયોગવશ એક પારિજાતક દેખાઈ ગયું. મનમાં હચચલ મચી ગઈ.

સવાર સવારમાં ત્યાંથી થોડા ફૂલ ઉપાડી લેવાનું મન થયું. વૃક્ષની પાસે જઈ ઊભાં રહેલાં કેટકેટલી સ્મૃતિઓનાં દ્વાર ખૂલી ગયાં. તેને કઈ રીતે ભૂલી શકાય. એક લાંબો ઈંતજાર પછી જયારે પહેલીવાર ગૃહપ્રવેશ કર્યો ત્યારે એક દિવસ ખૂબ આગ્રહપૂર્વક એક નાનકડો છોડ મિત્રએ લાવીને આપ્યો હતો. બિલકુલ બારીની પાસે તેને રોપીને બાપુજીને કેટલો આનંદ થયેલો, તે કહી શકાય તેમ નથી. અને પછી તો રોજ સવારે છોડને જળ સીંચીને તેમના ચહેરા પર અપાર તૃપ્તિનો ભાવ આવી જતો હતો.

બા કહેતા કે ભાદરવાથી અગ્રહાયાનું એટલે કે માગસર માસ સુધી પારિજાતકનાં ફૂલ ઝરતાં રહે છે. એવું પણ કહેવાય છે કે પારિજાતક બહુ શરમાળ હોય છે રાતે ચૂપચાપ ખીચે છે અને ખિલતાં જ ઝરવા લાગે છે.

ખરેખર આ છોડ મોટો થયો અને ફૂલનાં અંકુર ફૂટ્યાં ત્યારે ચાંદની રાતમાં ચૂપચાપ ઝરી પડતાં એ ફૂલો કેટલું બધું કહી જાય છે. તેના ઝરવાની સાથે ફૂલો શરદના આગમનનો સંકેત આપવા લાગે છે. મોગરાના ફૂલોનો જે સંબંધ વસંત સાથે છે. લગભગ એ જ સંબંધ પારિજાતનો શરદઋતુ સાથે છે. પારિજાતના શરમાળ ફૂલો એ વાતનો આપણને આભાસ આપે છે કે પિતૃપક્ષ પછી તહેવારોની એક લાંબી શૃંખલાનો પ્રારંભ થઈ જશે.

પ્રાકૃતની એક કથા છે. કોઈ કહે છે કે રાતનો ત્રીજો પહોર વીતી ગયો હવે તો સુઈ જાવ. તેનો ઉત્તર મળે છે કે પારિતાજતની સુગંધ મને સુવા દેતી નથી. જાવ તમે જાવ મારા માટે વ્યર્થ હેરાન ન થાવ.

આ ગાથામાં ભળે નાયક-નાયિકા ન હોય, વિરહની ઉત્કંઠા પણ ન હોય છતાં મનને ઉદવેલિત કરી દેનારી સુગંધનો છે. જે નીંદરને ચોરી લેવાનું સામર્થ્ય ધરાવે છે. પરંતુ આશ્ચર્ય એ વાતનું છે કે એક દિવસ અજવાલામાં અથવા એમ કહી શકાય કે સૂર્યનો હળવો તાપ પણ તેનાં ફૂલોને ડાળ પર રહેવા દેતો નથી. સપનાઓની જેમ દિવસમાં ઝરી પડનારાં પારિજાતકનાં ફૂલની એજ વિચિત્રતા કે વિશેષતાં તેને બીજા ફૂલોથી અલગ પાડે છે.

તેથી પારિજાતક સાથે ગોઠવી કરવી હોય તો રાતે જાગવું પડે. ઘણીવાર રાતે જાગ્યો પણ છું. પેલી પ્રાકૃત ગાથાની જેમ જયારે વૃક્ષના નજીકની બારી પાસે મારો પસંગ રાખીને સૂતો. પારિજાતના ફૂલોની સુગંધ આખા ઓરડામાં ફેલાઈ જતી ત્યારે રાત જાગરણમાં જ વીતતી હતી. કયારેક પલંગ પર સૂતાં સૂતાં તો કયારેક બારીની પાસે બેઠાં બેઠાં કેસરી દંડીવાલાં સફેદ ફૂલ ને ઝરતાં જોઉં છું.

ઘણીવાર સવારમાં બા ને ઝાડની નીચે ચાદર પાથરતાં જોતો અને પછી બે કલાક બાદ એ બધાં ફૂલો દીકરીને મળી જતાં, જે ખૂબ જ ખુશ થતી વેંણી બનાવતી હતી.

આજ એ વૃક્ષ અહીં નથી. બા પણ નથી અને દીકરી પોતાના ઘેર ચાલી ગઈ. જેથી કયારેક પારિજાતક ને જોઉં છું તો મન ઉદાસ થઈ જાય છે. સુષુપ્ત યાદોમાં હલચલ મચી જાય છે. એમ લાગે છે જાણે મનની અંદર પારિજાતનાં ફૂલ કયાંક ઝરી રહ્યા છે. તેની ચિરપરિચિત સુગંધ સાથે.

પોતાની અંદરના ખાલિપાને ભરવાની ઈચ્છા તો દરેકને હોય છે. બધું કદાચ ન ભરી શકાય પણ કયારેક એમ જ કંઈક દેખાઈ જાય તો હૃદયના પીગળવાનો ભાવ ઓછો થઈ જાય છે. જેમ આજે પારિજાતકને અચાનક જોતાં તેની સુગંધથી ઘણી બધી સ્મૃતિઓથી મન ભરાઈ આવ્યું છે. આ પીગળવા અને ભરાવાની રમત તો ચાલતી જ રહેવાની અને કોણ જાણે કયારે અચાનક એમ લાગે કે આપણે અવસાદમાં ફૂલો અને વૃક્ષોનો સંબંધ એ રીતે નિભાવવા લાગ્યાં છીએ જેમ માનવીય સંબંધોને નિભાવીએ છીએ.

# કૃતજ્ઞતા વ્યક્ત કરવાનો પણ એક યોગ્ય સમય હોય છે



**આવો જીવીએ શાનદાર**

વિનોદ અમલાણી
amlani2000@yahoo.co.uk

રામાયણની કથા પ્રમાણે રાવણ સીતાજીનું અપહરણ કરી જાય છે પછી શ્રીરામ અને લક્ષ્મણ સીતાજીને શોધવા માટે નીકળી પડે છે. એ સમય દરમ્યાન શ્રીરામ-લક્ષ્મણને સુગ્રીવ, અંગદ, હનુમાનજી જેવા મહાનુભાવોનો ભેટો થાય છે. શ્રીરામની સુચના પ્રમાણે હનુમાનજી સીતાજીની શોધ માટે મહેન્દ્રગીરી પર્વત ઉપરથી પ્રસ્થાન કરે છે. ધણીબધી મુશ્કેલીઓનો સામનો કરીને હનુમાનજી સીતાજી સુધી પહોંચે છે. અશોક વાટિકામાં બંદી તરીકે રાખેલા સીતાજીને હનુમાનજી શ્રીરામનો સંદેશો આપે છે. ત્યાર પછી રાવણ હનુમાનજીને કેદ કરે છે અને સજારુપે તેમની પૂંછડી જલાવે છે. એ જલેલી પૂંછડી દ્વારા જ હનુમાનજી લંકા જલાવે છે અને સીતાજીનો સંદેશો લઈને શ્રીરામ પાસે પરત આવે છે. આમ હનુમાનજી શ્રીરામ માટે અશક્ય કહી શકાય એવું કાર્ય પાર પાડે છે.

હનુમાનજીએ કરેલા આવા કપરા કાર્ય માટે રામાયણના રચયિતા ઋષી વાલ્મીકિજી શ્રીરામના મુખે કહે છે કે "મનસાપિ યદન્યેન ન શક્ય ધરણીતલે" અર્થાત "આ પૃથ્વી પર બીજું કોઈ આવું કાર્ય પાર પાડી શકે તેવી કલ્પના પણ મનમાં ન થઈ શકે"

હનુમાનજીએ કરેલા આ મહાન કાર્ય અને હનુમાનજીએ અને પોતાના ઉપર કરેલા ઉપકાર વિષે ભાવવાહી બનીને શ્રીરામ કહે છે કે;

ઈદં તું મમ દિનસ્ય મનો ભુયઃ પ્રકર્ષતિં
યદિહાસ્ય પ્રિયાખ્યાતુનં કુર્મિ સદ્રશં પ્રિયમૈં

અર્થાત "આજે મારી પાસે ઉપહાર આપવા યોગ્ય કોઈ ચીજ નથી. મારી એ દીનતા મને ખૂબ જ ખટકે છે. જેણે મને (સીતા સાથેનો) આવો સંવાદ સંભળાવ્યો તેને માટે એવું જ કોઈ પ્રિય કાર્ય હું કરી શકતો નથી"

ત્યાર પછી લાગણીશીલ બની ગયેલા શ્રીરામનાં મુખે વાલ્મિકીજી ભાવવાહી શબ્દો મૂકે છે.

એષ સર્વસ્વ ભૂતસ્તુ પરિષ્વંગો હનુમતઃ
મયા કાલિમિમ પ્રાપ્ય દતસ્તસ્ય મહાત્મનઃ

અર્થાત "અત્યારે તો હું મહાત્મા હનુમાનને કેવળ મારુ આલિંગન પ્રદાન કરું છું, કારણ કે એ જ મારુ સર્વસ્વ છે." આવું કહેતી વખતે શ્રીરામ એકદમ ગળગળા થઈ જાય છે, પ્રેમથી ભીંજાઈ જાય છે ગયા અને હનુમાનજીને છાતી સરસા ચાંપીને પ્રેમભર્યું આલિંગન આપે છે.

શ્રીરામને હનુમાનજીએ મદદ કરી એવી જ રીતે આપણા રોજ-બરોજનાં જીવનમાં આપણને પણ આપણાં સ્નેહી, સંબંધીઓ અને મિત્રો વિવિધ રીતે સાથ-સહકાર આપતા હોય છે. જરૂર હોય ત્યારે મદદ કરતાં હોય છે. આપણી વાતને સમર્થન કે ટેકો આપતા હોય છે અને ક્યારેક મુશ્કેલીનાં સમયે, અણીના સમયે તેઓ આપણાં તારણહાર પણ બનતા હોય છે.

આપણાં સંબંધીઓ આપણાં માટે જે કાંઈ કરતા હોય છે, આપણને જે કઈં સાથ સહકાર આપતા હોય છે તે કોઈપણ પ્રકારના વળતરની અપેક્ષા વિના કરતા હોય છે. એક સંબંધના નાતે, પોતાની ફરજ સમજીને સહકારની ભાવનાથી, મદદ કરવાના હેતુથી, નિશ્વાર્થભાવે કરતાં હોય છે. આપણને મદદ કરવા માટે તેઓ કેટલીક તકલીફો પણ વેઠતા હોય છે, પોતાનો અમુલ્ય સમય ખર્ચતા હોય છે, પોતાના નાણાં કે પોતાની જાત ધસતા હોય છે. તેઓના સહકાર થકી જ આપણાં ધણા કાર્યો પાર પડતા હોય છે, તેઓની મદદ થકી આપણાં ધણા ધ્યેયો સિધ્ધ થતા હોય છે, તેઓના સાથ-સહકાર થકી આપણું ભવિષ્ય ઉજવળ બનતું હોય છે, તેઓની પ્રેરણા થકી આપણાં જીવનમાં હકારત્મક વણાંક આવતો હોય છે, આપણી મુશ્કેલીઓ ટળી જતી હોય છે તો ક્યારેક આપણું જીવન સાર્થક થઈ જતું હોય છે.

આપણાં સંબંધીઓ, મિત્રો, સહકર્મચારીઓ, પાડોશીઓ કે ક્યારેક અજાણ્યા લોકો પણ આપણાં માટે જે કંઈ કરી છૂટતા હોય છે અને આપણને મદદરૂપ થતા હોય ત્યારે આપણી પણ એક ફરજ બને છે કે તેઓએ આપણાં માટે કરેલા કાર્યની કદર કરીએ. આપણે તેઓએ કરેલા કાર્યને સહર્ષ વધાવીએ, તેમનો આભાર માનીએ અને તેઓ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરીએ. આપણે જો આવું ના કરીએ તો આપણે નગુણા કહેવાઈએ. એવું કહેવાય છે કે અકૃતજ્ઞ માનવ કરતાં કૃતજ્ઞ શ્વાન વધારે સારા. આમ પણ શ્વાન ક્યારેય પણ અકૃતજ્ઞ થઈ શકતા નથી પણ જાણે-અજાણે માનવ અકૃતજ્ઞ બની જતો હોય છે.


આભાર વ્યક્ત કરવાની દરેક વ્યકિતની રીત જુદી જુદી હોય શકે. વ્યકિત પોતાની શકિત, પોતાના સામર્થ્ય, પોતાની સૂઝબૂઝ અને પરિસ્થિતી મુજબ પોતાને મદદ કરનાર સંબંધ પ્રત્યેની કૃતજ્ઞતા વ્યક્ત કરતી હોય છે. હનુમાનજી પ્રત્યે શ્રીરામે કૃતજ્ઞતા વ્યક્ત કરી ત્યારે તેમની પાસે કશું જ ના હતું કારણકે પોતે વનવાસ ભોગવતા હતા તેથી તેમણે પોતાની દીનતા થકી લાચારી વ્યક્ત કરી. આમ છતાં શ્રીરામે હનુમાનજીને છાતી સરસા ચાંપીને આભાર વ્યક્ત કર્યો. હનુમાન માટે તો શ્રીરામનું આલિંગન પણ મહામૂલ્ય હતું. આમ આપણે સંબંધી પ્રત્યેની કૃતજ્ઞતા વ્યક્ત કોઈપણ રીતે કરીએ છીએ ત્યારે સંબંધી માટે તો એનું મૂલ્ય હોય જ છે. કૃતજ્ઞતા વ્યક્ત કરવી એ મહત્વનું છે, કેવી રીતે વ્યક્ત કરીએ છીએ તેનું બહુ મહત્વ નથી હોતું.

આપણા માટે આપણાં સંબંધીઓએ કરેલા કાર્યો માટે કૃતજ્ઞતા કે આભાર વ્યકત કરવાનો પણ એક યોગ્ય સમય હોય છે. યોગ્ય સમયે, સમયસર જો આભાર વ્યક્ત ન કરીએ તે પછી તેનો કોઈ અર્થ રહેતો નથી. હનુમાનજી પોતાનું કાર્ય પાર પાડીને આવ્યા ત્યાર પછી તરત જ શ્રીરામે, પોતાની પાસે કંઈ જ ન હોવા છતાં તેમને છાતી સરસા ચાંપીને કૃતજ્ઞતાની લાગણી વ્યક્ત કરી દીધી. સમય ચૂકી ગયા પછી જો આભારની લાગણી વ્યક્ત કરીએ તો તેની તીવ્રતા ઘટી જતી હોય છે, તેનું મહત્વ અને મૂલ્ય ઓછું થઈ જતું હોય છે.

આપણને મદદ કરનાર વ્યક્તિ પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરવાથી મદદ કરનાર વ્યક્તિનો ઉત્સાહ અને આત્મવિશ્વાસ વધે છે અને અન્ય લોકોને પણ મદદ કરવા માટે પ્રેરાય છે. આપણા માટે જે સંબંધીએ કાર્ય કર્યું હોય એ વ્યક્તિ આપણી કૃતજ્ઞતા કે આભારની લાગણી સ્વીકારવા માટે ક્યારેક સંમત નથી થતી. તેનો ઈંકાર કરી દેતી હોય છે. મોટે ભાગે આવું જ બનતું હોય છે કારણકે, સંબંધીએ તો પોતાની ફરજ માનીને આપણને મદદ કરી હોય છે. આવા સમયે આપણી પણ ફરજ બને છે કે કોઈપણ રીતે આપણી કૃતજ્ઞતા વ્યક્ત કરી દેવી.

આપણે સૌ કોઈપણ વ્યકિત પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવાનું ક્યારેય ન ચુકીએ અને યોગ્ય સમયે, સમયસર જ વ્યક્ત કરી દઈએ.

# ગંદા રાજકારણને ત્યજી ભારતનાં ગૌરવની રક્ષા કરીએ



**જીવન ઉપવન**

મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

આઝાદીનું મૂલ્ય જો સરજાય તો જ જીવનની પ્રત્યેક ક્ષણની મહત્તા પણ સમજાય. જયાં આઝાદી નથી ત્યાં જીવન કોઈ પણ સ્વરુપમાં હોય છતાં કોઈ પ્રકારનાં આનંદની અનુભૂતિ કદી પણ શક્ય બનતી નથી. પોપટને પિંજરામાં રાખ્યા બાદ તેનું વિશ્વ સંકોચાય છે, એકલતા એને સંગાથ લાવવા માંડે છે અને કદીક છોડી મૂકવાનો પ્રયાસ થાય તો એ ખૂલ્લા આકાશમાં ઉડતા પણ ભયનો અનુભવ કરે છે! દુનિયાના બધા દેશોમાં તેનું મૌલિક બંધારણ, પ્રણાલિ, પ્રશાસન જે હોય તે મુજબ દેશ ચાલે છે. ઘણાં દેશોમાં લેખિતમાં બંધારણ પણ નથી છતાં રાષ્ટ્ર કુશળ રીતે અસ્તિત્વ ધરાવે છે તે પણ હકીકત છે. ૧૯૪૭થી અંગ્રેજો આ દેશ છોડી ને ગયાની સાથે ભારતને આઝાદી મળી પરંતુ એ મેળવવામાં લાખો નાગરિકો એ પોતાના પ્રાણની આહુતિઓ આપી. આઝાદીનો જશ્ન મનાવાયો ત્યારે ભારતમાં જે ઐક્ય અને ભાવાત્મક એકતા હતી એ અદ્ભૂત હતી. પ્રથમ પેઢી ક્રમશઃ વિદાય થઈ એ પછી પરિવર્તન આવતું જ ગયું અને લોકશાહીનું મૂલ્ય ઘટતું જ રહ્યું છે એટલે આ માટે ચિંત કરવા કંઈક લખવાનું મન થયુ !!

લોકશાહીમાં પ્રજા માટે પ્રજા દ્વારા ચૂંટાતા લોકોની સરકાર રચાય જે જનહિત અને રાષ્ટ્રહિતમાં વૃદ્ધિ થાય તથા રાષ્ટ્રના સાર્વભૌમત્વ માટે જે કરવું ઘટે એ કરીને દેશનું બધું જ શાસન પ્રશાસન ચાલે ત્યારે આઝાદીના અમૃત ફળ પ્રત્યેકને ખાવા મળે અર્થાત દેશના બંધારણને શિરોમાન્ય રાખીને આ બધું થતું હોય છે. દેશમાં કયા પક્ષની સરકાર બનશે એ લોકમિજાજ અને તેઓને થયેલા અનુભવોના આધારે મતદાન કરીને એક જન આદેશ આપે છે અને સમયાંતરે સરકાર કોઈ પણ પક્ષની બની શકે છે. શાસક પક્ષ હોય તેમ લોકશાહીમાં વિપક્ષો પણ હોય છે જે હોવા અત્યંત જરૂરી પણ છે. હવે કાળક્રમે લોકોના ચારિત્ર્યમાં ગિરાવટ આવી, ટેકનોલોજીનાં બદલાવ આવ્યા અને સરકારમાં પણ બદલાવ આવતાં રહ્યા આજે જે માહોલ દેશમાં ઊભો થઈ રહ્યો છે એ જોઈને વિસ્મય સાથે ગ્લાનિ ઊભી કરી રહ્યો છે. વડાપ્રધાન ગમે તે પક્ષના હોય પરંતુ એ ભારત દેશના વડાપ્રધાન છે એ ભૂલાવું જોઈએ નહીં.

લોકશાહીમાં આઝાદી પાયામાં છે અને બંધારણની રૂએ વાણી - વિચાર - માન્યતા વગેરેની સ્વતંત્રતા ને સંમતિ ઉપરાંત સમાન અધિકારની વાતનો સમાવેશ થાય છે. પરંતુ લોકોએ સ્વતંત્રતાને ધીમે ધીમે સ્વચ્છંદતામાં તબદીલ કરી અને તેનો મૂળભૂત ખ્યાલ દટાઈ જ ગયો હોય તેવી સ્થિતિ બની ગઈ છે. બીજું સરકાર કોઈ પણ પક્ષની હોય તેની એટલે કાર્યપદ્ધતિ અંગે પ્રજાને સમીક્ષા વ્યક્ત કરવાથી અટકાવી શકાય નહીં. ટિકા-ટિપ્પણી એ એક ઉપયોગી અંગ છે કે જયાં કંઈ ક્ષતિ થતી હોય તો સરકાર તેના ઉપર જરૂરી વિચારણા કરી સુધારણા કરી શકે ! ત્રીજું પ્રજાના મતોથી ઈલેકશનોમાં જીતવાનું હોય ત્યારે જીત મેળવ્યા બાદ પ્રજા શું ઝંખે છે? એ અંગે પણ જે સરકાર શાસનમાં આવી હોય તેણે વિચારવું જ જોઈએ. પ્રજાના બધા પ્રતિનિધિઓ જ જો અનુશાસન ત્યજીને રહેવા લાગે અથવા નિષ્ક્રિય થઈ જાય તો પછી આઝાદીના ફળ કદી મળે નહીં. ચોથું જૂના વર્ષોના બનાવો વારંવાર રજૂ કરી કરી ને કંઈ મળતું નથી હાલ અને હવે શું યોગ્ય થઈ શકે તેમ છે એ વિશે જ વાતો કરવી આવશ્યક છે. આપણે પ્રતિદિન વાસ્તવમાં વધુ જાતિ-જ્ઞાતિમાં વિભાજીત થઈ રહ્યા છીએ એ સૌથી મોટું નુકશાન થઈ રહ્યું છે અને ભારતના નવી પેઢીના લોકો વિદેશોમાં જઈ રહ્યા છે શા માટે ? કોરોનાની મહામારી આવી એટલે તેમા બ્રેક લાગી એ જુદી અપવાદરુપ વાત છે. વોટબેંકની રાજનીતિથી ઉપર ઊઠવું જ પડશે. રાજકારણની ગંદકીને જાકારો આપી તંદુરસ્ત વાતાવરણ ઊભું કરવું એ જ રાજધર્મ છે. અરે કોઈ કશી ટિકા કરે ત્યાં આસપાસમાંથી ટોળું થઈ જાય અને બબાલ થવા લાગે તો પ્રશ્ન થાય કે શું આ - આપણી લોકશાહી છે ? ભાઈ મારા ઈન્સાન એ ભગવાન નથી અને ભૂલો થવી એ કુદરતી સહજક્રમ છે તો પછી લોકોમાં બે ભાગ ઊભા ફાડિયા થઈ કેમ ગયા છે ? આ પ્રકારના માહોલથી અંતે દેસ નબળો પડે છે. ગંદા રાજકારણને શા માટે જગ્યા આપવામાં આવે છે. કાર્યશૈલી, નીતિ, વિચારધારા અલગ હોઈ શકે છે પણ તેનાથી પારસ્પરિક દુશ્મનીનો શિરસ્તો કેમ કંડારાઈ જાય છે એ જ ચિંતાનો વિષય છે!!

છેલ્લી મહત્ત્વની બાબત કે મીડિયા વેચાઈ ગયું છે અંધભક્તો વધી ગયા છે પપ્પુ કે ફેંકુ જેવા શબ્દો જરા પણ ઉચિત લાગતા નથી. વડાપ્રધાન પદની ગરિમા જળવાવી જોઈએ જ. કોઈ તમને ગમતું હોય તો સૌથી સુંદર વાત કઈ ? એ કે તમે તેને નારાજ નહી કરો. બસ, આ વાત દેશપ્રેમને પણ લાગુ પડે છે. જનતાનું ઐક્ય જળવાશે તો દેશ મહાન જરૂર રહેશે ! સરકારની ટીકા કરનાર એ જરૂરી નથી કે વિપક્ષનો જ માણસ હોય - આ બાબત ભૂલી જવાય છે. આર્થિક મોરચે આપણી ઘણી બધી આફતો વધી રહી છે. ત્યારે પ્રવર્તમાન શાસકે બહુ ઉતાવળભર્યા નિર્ણયો કરવાથી બચવું જ પડશે. બધા એ હકારાત્મક રચનાત્મક અભિગમથી ભારતનું ગૌરવ કેમ વધી શકે તે ધ્યાનમાં રાખી કાર્ય કરવાની તાતી જરૂરત છે. કેમ કે ભારતના ચોતરફ પડોશી મુલ્કો નસીબે અતિ હીનકક્ષાની શત્રુતા વાળા મળ્યા છે માટે નમ્ર અપીલ છે કે ગંદા રાજકારણને સત્વરે ત્યજી દઈએ મનથી મોટા બનીએ. પ્રામાણિક અભિપ્રાય ને દિલથી વધાવીએ તો ભવ્ય ભારત બનશે કેમ કે રામ અંતે આપણા હૃદયાસનને વિરાજે છે તે સત્ય છે. આપણે માત્ર સંખ્યા નથી રહેવું પણ સરવાળો થવું છે જેમાં શક્તિ વસે છે.